# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૮-A તા.૧૩-૦૭-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વિડીયો કોન્ફરન્સમાં મળેલ સૂચનાઓના અમલ બાબત.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે નીચે મુજબની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

- બાલવાટીકા, ધોરણ-૧ અને ધો.૨ થી ૮ની ચાઈલ્ડ ટ્રેકીંગ એન્ટ્રી અને અપડેશન દિન-૩માં પૂર્ણ કરવું.
- જે શાળામાં બાળકો ન હોય તે શાળામાં ખોટી એન્ટ્રી ન થાય તેની તકેદારી રાખવી.
- આરટીઈના નોમ્સ મુજબ જે-તે બાળકોનું એડમિશન મુખ્ય કચેરીની પરવાનગી મેળવ્યા બાદ પ્રવેશ આપવો.
- દિવ્યાંગ બાળકોની માહિતીનું પત્રક તૈયાર કરતી વખતે ૪૦% થી વધુ દિવ્યાંગતા ધરાવતા અને UDID (સ્વાવલંબન પોર્ટલ) પર નોંધાયેલ બાળકો કે દિવ્યાંગતા પ્રમાણપત્ર ધરાવતા બાળકોની માહિતી પત્રકમાં ભરવી.
- કોમન એન્ટ્રન્સ ટેસ્ટ અને જ્ઞાનસાધના પ્રખરતા કસોટીના મેરિટમાં આવેલ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને આ યોજનાઓની સંપૂર્ણ માહિતી આપવી તથા શાળા પસંદગી બાબતે તેઓ સરળતાથી નિર્ણય લઈ શકે તે બાબતે માર્ગદર્શન આપવું.

તા.૧૩-૦૭-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી